# ઘડપણનો પ્રશ્ન દયાનો નથી, પણ સંવેદના અને દૂરંદેશીનો છે

આપણી આસપાસ
★ મિત્તલ પટેલ



બોખલા મોઢે હસતાં જીવતીમાને મળી ત્યારે 'ઘડપણ કોને મોકલ્યું?' એ પંક્તિઓ યાદ આવી. એમની ચાકરી કરે એવું એમની પાસે કોઈ નહોતું. ઘર જર્જરિત થઈ ગયું ને શૌચાલયની પણ સુવિધા નહીં. બા કહે, “હજુ આમ હાથ-પગ ચાલે, પણ આવનારા વખતમાં આંખે ઝાંખપ આવશે, કાને ઓછું સંભળાશે, હાથ-પગ પણ જવાબ દઈ દેશે ત્યારે ઘર બહાર નીકળવું મુશ્કેલ થશે. આવામાં માથું ઘાલવા એક ઓરડી ને શૌચાલય થઈ જાય તો સારું.” બાની વાત સાંભળી અમે કહ્યું, “બા, તમારું ઘર થઈ જાય તો તમારા પછી એ ઘર કોણ વાપરશે?” ને બાએ બહુ કાવ્યાત્મક ભાષામાં “જીવતીને જે પાળે અને મુઈને જે બાળે, એને મારું બધું મળે.” એવું કહ્યું. કચ્છના વાગડના આનંદપર ગામમાં જીવતીમા રહે. એમને દીકરો નથી. દીકરીઓ છે, પણ બધી પરણીને સાસરે ગઈ. એ બધી પોતાનો સંસાર માંડ ચલાવે. એટલે એમની પાસે એમને ઝાઝી આશા નથી, પણ હા, સાવ હાથ-પગ કામ કરતા બંધ થાય ત્યારે જે દીકરી એમને સાચવશે, એને ઘર બંધાય તો એ ઘર મળે એવી લાગણી એમણે હસતા-હસતા વ્યક્ત કરી. જીવતીમા ખુદાર, “જ્યાં સુધી હાથ-પગ ચાલે ત્યાં સુધી હું મારું કરી લઈશ.” એવું પણ એ વારંવાર કહે, પણ વાગડ વિસ્તાર વરસાદ આધારિત ખેતીનો પ્રદેશ, એટલે વર્ષમાં માંડ સાઠ-સિત્તેર દિવસ મજૂરી મળે. જમીન-જાગીર વગરનાં જીવતીમા જવાનીમાં કંઈ બચાવી શક્યાં નહીં. હવે તો શરીરમાં ઝાઝી તાકાત પણ રહી નથી. ગામમાં આવેલા મંદિરમાં જમણવાર હોય ત્યારે વાસણ ઘસવાનું કામ એમને મળે ને એમાંથી દૂધ-શાકનો ખર્ચ એ કાઢી લે.

એમનું છાપરું માટી-ગારથી લીંપેલું. વરસાદમાં છત ટપકે, શિયાળામાં ઠંડી હવા ઘરની દિવાલો ને છતમાં પડેલા બાકોરાંમાંથી છાપરામાં આવે. એટલે ઘડપણ શાંતિથી પસાર થાય એ માટે એમને નાની ઓરડીની જરૂર. જીવતીમા જેવી દશા દેશભરમાં અનેક વૃદ્ધોની છે, જેઓ એકલવાયું ને ઓશિયાળું જીવી રહ્યા છે.

તાજેતરના NFHS-6 એટલે કે, રાષ્ટ્રીય કુટુંબ સ્વાસ્થ્ય સર્વેક્ષણના છઠ્ઠા રાઉન્ડ મુજબ દેશમાં 60 વર્ષ અને તેથી વધુ ઉંમરના 12.9 ટકા લોકો છે, જ્યારે NFHS-5માં તે આંકડો 11.8 ટકા હતો. આગળનાં વર્ષોમાં વૃદ્ધોની સંખ્યામાં વધારો થશે. પણ દેશમાં વૃદ્ધોની સંખ્યા અને હિસ્સો બંને વધી રહ્યાં છે ત્યારે ચિંતાનો વિષય એ છે કે મોટા ભાગના વૃદ્ધો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા રહ્યા છે, જ્યાં પેન્શન કે પ્રોવિડન્ટ ફંડની કોઈ સુવિધા નથી. આજે આપણા દેશમાં પણ સંયુક્ત કુટુંબો તૂટી રહ્યા છે. સંતાનો રોજગાર માટે શહેર કે વિદેશમાં વસે છે. આમાં સુખી-સંપન્ન પરિવારના બાળકો પોતાના માતા-પિતાને સાચવવાનું કરી લેતા હશે, એવું આપણે માનીએ, પણ બધે આ સ્થિતિ નથી. કેટલાક ઉજળિયાત પરિવારના મા-બાપની આર્થિક સ્થિતિ પણ કફોડી હોવાનું અમારા ધ્યાને આવ્યું.

NSO - રાષ્ટ્રીય આંકડાકીય કચેરીના 2021ના અહેવાલ પ્રમાણે શહેરી વૃદ્ધોમાંથી 20 ટકા ને ગ્રામીણ વૃદ્ધોમાંથી 10 ટકા એકલા રહે છે. 60થી વધુ ઉંમરની અડધાથી વધુ મહિલાઓ વિધવા છે ને એમની સ્થિતિ સૌથી કપરી છે. આ બધા વૃદ્ધોમાંથી મોટાભાગના ઘૂંટણના દુખાવા, નબળી દૃષ્ટિ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને દાંતની તકલીફોથી પીડાય છે. LASI ભારતમાં વૃદ્ધત્વનો લાંબાગાળાનો અભ્યાસ કરે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 2016માં એની શરૂઆત કરી હતી. જે 45 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોના સ્વાસ્થ્ય, આર્થિક સ્થિતિ અને સામાજિક જીવનની માહિતી એકત્ર કરે છે. તેમના અભ્યાસ મુજબ લગભગ એક તૃતીયાંશ વૃદ્ધોમાં ડિપ્રેશનનાં લક્ષણો જોવા મળે છે. વૃદ્ધો વધુ પ્રમાણમાં ગ્રામીણ વિસ્તારોમાં રહે છે, જ્યાં દવાખાનું દૂર હોય છે અને સારવારનો ખર્ચ એમને ભારે પડે છે. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ માટે 2007માં કાયદો ઘડાયો. વરિષ્ઠ નાગરિકો માટે હેલ્પલાઇન 14567 પણ ચાલે છે. પણ ગામડાંના અભણ, એકલા વૃદ્ધો સુધી આ જાણકારી ભાગ્યે જ પહોંચે છે.

ગરીબી રેખા હેઠળના વૃદ્ધો માટે કેન્દ્ર સરકારની ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના અંતર્ગત એમને લાભાર્થીઓની ઉંમરના આધારે દર મહિને રૂ. ૧,૦૦૦થી રૂ. ૧,૨૫૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. આજની મોંઘવારીને ધ્યાનમાં રાખીએ તો આ રકમથી આખો મહિનો કાઢવો આ બધા માટે મુશ્કેલ. વળી, યોજનાની મદદ માટે આધાર કાર્ડ, ઉંમરનો પુરાવો, BPL સ્કોરનો દાખલો અને બેંક/પોસ્ટ પાસબુક પણ જરૂરી. આમાં બીપીએલ યાદીમાં બધાનું નામ હોવાનું પણ સંભવ નથી. એટલે જરૂરિયાતવાળા દરેક વૃદ્ધ સુધી પેન્શન પહોંચે એ પણ સંભવ નથી. અભણ, એકલા, જેમની પાસે દસ્તાવેજો કે અરજી કરાવનાર કોઈ નથી, એવા વૃદ્ધો યોજનાની બહાર રહી જાય છે.

મારા મતે આનો ઉકેલ ઉપરથી નહીં, ગામડેથી શરૂ થવો જોઈએ. દરેક ગામમાં 60 વર્ષથી ઉપરના વૃદ્ધોની યાદી બને, જેમાં એકલા રહેતા, વિધવા, બીમાર અને પેન્શન મેળવતા કે ન મેળવતા લોકોની નોંધ હોય. યાદી સાથે પેન્શન રેકોર્ડ મેળવીને જોઈ શકાય કે કોને પેન્શન નથી મળતું અને શા માટે નથી મળતું એ પણ કારણ સાથે જાણવું જોઈએ. આવા વૃદ્ધોને ગ્રામ પંચાયત, આંગણવાડી અને આરોગ્ય કાર્યકરો જેવી સ્થાનિક વ્યવસ્થા સાથે જોડવાનું ખાસ થવું જોઈએ અને એમાં ખાસ જરૂરિયાતવાળા વૃદ્ધો સુધી પહોંચીને તેમના દસ્તાવેજ અને અરજી તૈયાર કરવામાં મદદ કરવી જોઈએ. આમાં નવા વૃદ્ધ ઉમેરાય અને અવસાન પામેલા દૂર થાય એ માટે વર્ષે એક વાર ચકાસણી કરી, એ કાર્ય સતત થવું જોઈએ. લોકગીતનો પ્રશ્ન, “ઘડપણ કોને મોકલ્યું?”, આજે ઈશ્વર માટે નહીં, આપણા માટે છે. ઘડપણ કુદરતનો ક્રમ છે, પણ ઘડપણની લાચારી સમાજ જ્યારે પાંગળો બને ત્યારે રચાય છે. જીવતીમાએ મજૂરીથી જીવતરનો ભાર ઉપાડ્યો, પણ એમાંથી બચત થઈ શકે એવી કોઈ વ્યવસ્થા એમને મળી નહીં. છતાં આજે એ સમાજ સામે હાથ લંબાવવાની જગ્યાએ થાય ત્યાં સુધી કામ કરે છે. આવા માવતરોની ખુદ્દારીનો આદર કરવો એ સમાજની ફરજ. આપણે સૌ પણ એક દિવસ ઘડપણના દ્વારે પહોંચવાના છીએ. એટલે પ્રશ્ન દયાનો નથી, પણ સંવેદના અને દૂરંદેશીનો છે. ઘરના વડીલ સાથે બે શબ્દ બોલવા, પડોશના એકલા વડીલની ખબર પૂછવી, ક્યાંક સમાજ તરીકે એમની નાની-નાની જરૂરિયાતોનો ખ્યાલ કરવો, આવું નાનું કામ પણ કોઈનું ઘડપણ સરળ બનાવી શકે. ચાલો, સાથે મળીને ઘડપણના દ્વારે પહોંચેલી જિંદગીઓની માવજત કરીએ.

**આજની મોંઘવારીને ધ્યાનમાં રાખીએ તો વૃદ્ધ પેન્શનની રકમમાંથી જ જરૂરિયાતમંદ વૃદ્ધોને આખો મહિનો કાઢવો મુશ્કેલ. વળી, યોજનાની મદદ BPL યાદીમાં નામ હોય એમને મળે, જે પણ અસંભવ**

# આજનું સર્કિટ હાઉસ એ જ ડાકબંગલો




ઘટ ઘટ પાની
★ માવજી મહેશ્વરી

ભારતમાં અંગ્રેજોના વખતથી કેટલાક શબ્દો પ્રચલિત છે. એ શબ્દોના અર્થ શું થાય છે તેની કોઈને ઝાઝી ખબર નથી. આપણે જાણીએ છીએ કે અંગ્રેજો આવ્યા ત્યારે તેમણે અંગ્રેજી સિવાય બીજી ભાષા તરીકે હિન્દીને મહત્ત્વ આપ્યું હતું અને ત્યારથી અમુક વ્યવસ્થાઓમાં હિન્દી શબ્દો આજના સમયમાં પણ પ્રચલિત છે. ખાસ કરીને રેલવે અને ટપાલખાતાંમાં આવા શબ્દો પુષ્કળ છે. ભારતમાં દરેક રાજ્યમાં વર્તમાન સરકારોએ અમુક જાતની વ્યવસ્થાઓ ગોઠવી છે, આમ તો એ વ્યવસ્થાઓ અંગ્રેજોના સમયમાં ગોઠવાયેલી હતી તેને આધુનિક બનાવી છે. ભારતના હિંદીભાષી પટ્ટામાં જે રાજ્યો આવેલાં છે તેમાં એક શબ્દ પ્રચલિત છે અને એ છે ડાકબંગલા. જો કે આજના જૂનાં શહેરોમાં કોઈક એવી ઈમારત હશે જેને ડાકબંગલા કહેવાતું હશે. તો આ ડાકબંગલા શું છે અને તેને ડાકબંગલા શા માટે કહેવાતું હશે? તમારી આસપાસનાં શહેરોમાં તપાસ કરજો એકાદ એવી ઈમારત કે મકાન હશે જેને ડાકબંગલો કહેવાતો હશે. આપણી તાસીર એવી છે કે ભાષાની અંદર બહુ ઊતરતા નથી. જો કે હવે ભારતમાં ચોક્કસ જાતના ડાકબંગલા રહ્યા નથી, છતાં ઉત્તર ભારતનાં રાજ્યોમાં હજુ અમુક વિસ્તારોમાં ખરેખરા ડાકબંગલા જોવા મળે છે. અંગ્રેજોના વખતની કોઈ ઈમારત બચી હશે તો એ ઈમારતની બાંધણી ચોક્કસ જાતની હશે. તેની આગળ ખુલ્લી જગ્યા હશે, જ્યાં વૃક્ષો વવાયેલાં હશે.

ડાકબંગલો એ શબ્દ બે શબ્દોથી બન્યો છે ડાક અને બંગલો. બંગલો શબ્દ તો સમજાય તેવો છે પણ તેની સાથે જોડાયેલો ડાક શબ્દ સમજાતો નથી. ઘણા ભારતીયો આને ટપાલખાતાની ઈમારત માને છે પણ ડાકબંગલો ટપાલ ખાતાની ઈમારત નથી. પહેલા એ જોઈએ કે બંગલો શબ્દ ક્યાંથી આવ્યો? બંગલો એટલે એક ખુલ્લું હવાદાર આલીશાન મકાન. જેમાં વરંડો, બગીચો એ બધું હોય છે. પહેલાંના સમયમાં ઉચ્ચ અધિકારીઓનાં એવાં મકાન હતાં જેને બંગલો કહેવાતું પરંતુ બંગલો શબ્દનો સીધો સંબંધ બંગાલ સાથે છે, જેવી રીતે બંગલા પાન, બંગલા મીઠાઈ, બંગલા સાડી વગેરે. એવી રીતે જ બંગાલમાં આ પ્રકારનાં મકાન અથવા બંગલા બનતા હતા. ખુલ્લી જગ્યા, સાથે બગીચો, લાકડાની કારીગરીવાળા ટેબલ અને ખુરશીઓ, પાર્ટીશન વગેરે એ મકાનમાં જોવા મળતું. એવાં મકાનોને બંગાળમાં બંગલો કહેવાતું. મકાન બનતાં હતાં. એ મકાન એટલાં સુંદર હતાં કે મુઘલ બાદશાહો પોતાની બેગમો માટે જુદી જુદી જગ્યાએ એવા બંગલા બનાવતા હતા. સત્તરમી સદીમાં અંગ્રેજોએ ઉત્તર ભારતમાં આવાં મકાનો બનાવવાનું ચાલુ રાખ્યું. તે પછી આખાય ભારતમાં આવા બંગલા બનવા લાગ્યા પણ ડાક શબ્દ શા માટે એ બંગલાઓ સાથે જોડાયો તેની કહાની રોચક છે. આપણે જાણીએ છીએ કે એક સમયે મુસાફરીનાં સાધનો જેવા કે કાર, મોટરસાઈકલ વગેરે નહોતાં. તો એ વખતે લાંબા પ્રવાસો માટે રાજના સિપાઈઓ, કર્મચારીઓ, અધિકારીઓ ઘોડાનો ઉપયોગ કરતા હતા. ખાસ કરીને અંગ્રેજ અમલદારો જ્યારે લાંબી મુસાફરી કરવાની હોય ત્યારે તેઓ ઘોડા ઉપર જતા હતા. તે સમયે ભારતમાં જંગલો ખૂબ હતાં. તો અંગ્રેજોએ બે શહેરોની વચ્ચે કે શહેરમાં પોતાના માણસો માટે ચોકીઓ બનાવી હતી. આ ચોકીઓ એવી જગ્યાઓ પર હતી જ્યાં પાણી વગેરેની સગવડ હોય અને એ ચોકીમાં આરામ કરી શકાય. એ ચોકીમાં થાકેલા પ્રવાસીઓ આરામ કરતા અથવા ઘોડાઓની અદલાબદલી કરતા. જ્યારે આખાય ભારતમાં ટપાલવ્યવસ્થા ગોઠવાઈ નહોતી ત્યારે અંગ્રેજોએ શહેરો વચ્ચે અને રાજ્યોનાં મુખ્ય શહેર સાથે ટપાલવ્યવસ્થા શરૂ કરી હતી. ટપાલ લઈને જતાં માણસો રસ્તામાં પડતી ચોકીમાં ભેગા થતાં. જુદા જુદા વિસ્તારોમાંથી ટપાલ લઈને આવેલા માણસો એ ચોકી એટલે કે બંગલામાં આરામ કરતા અને ટપાલની છટણી કરતા. એ માટે એ બંગલામાં એક અલગ જ ખંડની વ્યવસ્થા કરવામાં આવતી. તે પછી પોતપોતાના વિસ્તારની ટપાલ લઈને પોતપોતાના વિસ્તારમાં રવાના થાય. બસ ત્યારથી એવી ચોકીઓને ડાકબંગલા કહેવાતું થયું. સરકારી અધિકારીઓના પ્રવાસ દરમિયાન તેમના રહેવા અને જમવાની સુવિધા સચવાઈ રહે તે માટેની આજના સમયની વ્યવસ્થા એટલે રેસ્ટ હાઉસ અથવા સર્કિટ હાઉસ. હાલના સમયમાં દરેક તાલુકા મથકે એવું એક સર્કિટ હાઉસ હોય છે. ગુજરાતમાં એને વિશ્રાંતિગૃહ કહેવામાં આવે છે. જેમાં સરકારી અધિકારી સરકારી કામે આવ્યા હોય તો એ ત્યાં ઊતરે છે. જો ડાકબંગલાની વ્યાખ્યા ટૂંકમાં કરવી હોય તો એ એવું મકાન છે જે સરકારી અધિકારીઓની હોટેલની સુવિધાઓ પૂરી પાડે છે. આ વ્યવસ્થા અંગ્રેજોના વખતની છે અને હાલમાં ભારતમાં દરેક તાલુકા અને જિલ્લા મથકે આવાં વિશ્રાંતિગૃહ બનાવવામાં આવ્યાં છે. જેમાં બીજા વર્ગથી ઉપરના અધિકારીઓ, રાજકીય પદાધિકારીઓ, માન્ય પત્રકારો વગેરે ઊતરે છે. આ બંગલાની વ્યવસ્થા જેતે રાજ્ય સરકાર કરે છે અને એના કર્મચારીઓનો નિભાવ પણ રાજ્ય સરકાર કરતી હોય છે. આજનું સર્કિટ હાઉસ એ જ ડાકબંગલો. ત્યાં આવેલા લોકોને રહેવાની અને જમવાની આધુનિક સગવડ આપવામાં આવે છે.

**સરકારી અધિકારીઓના પ્રવાસ દરમિયાન તેમના રહેવા અને જમવાની સુવિધા સચવાઈ રહે તે માટેની આજના સમયની વ્યવસ્થા એટલે રેસ્ટ હાઉસ અથવા સર્કિટ હાઉસ**